R.N.I. No. MAHBIL/2020/79181

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

# CDO PRAKASH SAMIKSHA

Since 1924...

(Gujarati & English Bilingual) FORTNIGHTLY

સળંગ વર્ષ ૧૦૦મું

VOLUME : 04 • ISSUE : 20 • PAGES : 32 • MUMBAI • DATE : 20TH AUGUST 2024

BIL EDITION • YEARLY SUBSCRIPTION RS. 250/-



With Best Compliments from:

# MICROFINISH

Pumps • Valves • Automation




## MICROFINISH VALVES PVT. LTD.

**REGISTERED OFFICE:**
B-161/162, Industrial Estate,
Gokul Road, Hubballi - 580030,
Karnataka, India.
Tel: +91-836-2212404 / 2210611
Email - sales@microfinishgroup.com
Website - www.microfinishgroup.com

**WORKS:** Block no.23B, Plot no.1 to 6,
Hubballi - Dharwad Bypass Road,
Itigatti Village, Dharwad - 580114,
Karnataka, India.

Tel: +91-836-2310015/16/19/25

**BRANCH OFFICES:**
Ahmedabad, Baroda,
Bengaluru, Chennai,
Delhi, Hyderabad, Indore,
Kanpur, Kolkata, Mumbai,
Pune.

# પ્રકાશ સમીક્ષા શતાબ્દી વર્ષની ઉજવણીના આધારસ્તંભ દાતાશ્રી



શ્રી હરીશભાઈ નરશી ધરમશી
સુથરી (મુલુંડ)

# પ્રકાશ સમીક્ષા શતાબ્દી વર્ષની ઉજવણીના ગોલ્ડન દાતાશ્રીઓ



શ્રી કિરીટભાઈ લક્ષ્મીચંદ લાપસીયા
રવા (ચેમ્બુર)



શ્રીમતી મીનાબેન શાંતિલાલ શાહ(નાગડા)
નલિયા (માટુંગા)




માતુશ્રી ઝવેરબાઈ શીવજી
વિકમશી અને
શ્રી શીવજી કુંવરજી વિકમશી
રાણપર (પરેલ)



માતુશ્રી પ્રમિલાબેન દામજી દંડ
મંજલ રેલડીયા (ઘાટકોપર)
હ. વિહાન પ્રતિક દંડ



# સિલ્વર દાતાશ્રી

શ્રી રાજેશ પ્રેમજી શાહ (લોડાયા)
મોટી સિંધોડી (સાયન)

## બ્રોન્ઝ દાતાશ્રીઓ

માતુશ્રી જયાબેન મોતીલાલ લોડાયા પરિવાર – મોટી ખાવડી (ઘાટકોપર)
શ્રી મનીષ હીરજી શાહ (લાલકા) – સુજાપર (વડાલા)
શ્રી હંસકુમાર લક્ષ્મીચંદ છેડા – સુજાપર (મુલુંડ)
શ્રીમતી રતનબેન કાંતિલાલ મોતા (ટીકીટાર) – રાયધણજર
શ્રી હેમાંગ મણિકાંત મોમાયા – વરાડીયા (હૈદ્રાબાદ)
સ્વ. શ્રી ખેતશી નરશી શાહ(પોલડીયા) – બાયઠ
હસ્તે શ્રીમતી માધુરી કિશોર વિકમશી
માતુશ્રી ચંપાબેન હંસરાજ પરબત ડાઘા
હસ્તે હીરાલાલ ડાઘા – વરાડીયા (માટુંગા)
શ્રી મોતીચંદ લાલજી ખોના – નલીયા (મુલુંડ)

**તંત્રી સ્થાનેથી**

# લગ્ન અંગે યુવાનોનો દૃષ્ટિકોણ ધ્યાનમાં લેવો જોઈએ



– CA હીરાચંદ દંડ, Mob.: 77385 08150

તાજેતરના વર્ષોમાં તમામ જૈન ફિરકાઓમાં સામાન્ય સમસ્યા એ છે કે તેમના બાળકોના લગ્ન જૈન સમુદાય સિવાય અન્ય સમુદાયમાં થાય છે. અને તે આપણી સંસ્કૃતિ માટે પડકારરૂપ બાબત છે. આપણા વિચારો, આપણા સંસ્કારો કુંઠિત થાય છે. એનો માર્ગ શોધવા માટે ૨૭મી જુલાઇના રોજ દાદર ખાતે કસ્સન લધુ હોલમાં કચ્છ, હાલાર, વાગડના તમામ જૈન ફિરકાઓની મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતું અને આ મીટીંગમાં ક.દ.ઓ. સમાજ, ક.વી.ઓ. સમાજ, હાલાર સમાજ, વાગડ સમાજ, ગુર્જર સમાજના મહત્વના લોકો જોડાયા હતા અને જૈન કન્યાઓ દ્વારા થતા આંતરજ્ઞાતિય લગ્નો ઘટાડવાના માર્ગો શોધવા માટે વિચારણા કરી હતી. દરેક ફિરકા તરફથી લાંબી ચર્ચાઓ અને સૂચનો પછી, એવું સૂચન કરવામાં આવ્યું હતું કે વ્યાપક પસંદગી માટે લગ્નો માત્ર તેમની જ્ઞાતિ સુધી મર્યાદિત ન હોવા જોઈએ પરંતુ તે તમામ જૈન ફિરકાઓમાં થવા જોઈએ. આપણા બાળકોને વ્યાપક પસંદગી મળશે અને તેથી લગ્ન ફક્ત જૈનો વચ્ચે જ થશે. આ મીટીંગમાં આપણી જૈન યુવતીઓ જ્યારે હિંદુ સમુદાય સિવાય અન્ય સમાજમાં લગ્ન કરે છે ત્યારે તેમને પડતી સમસ્યાઓ પણ સભામાં સહભાગીઓના ધ્યાન પર લાવવામાં આવી હતી.

એક વિચાર તરીકે તે સારું છે. પરંતુ સમાજે યુવાનોના એંગલથી વિચારવું જોઈએ. આવી સમિતિઓમાં, ૫૦% સભ્યો ખૂબ નાની ઉંમરના (લગ્ન યોગ્ય વય) હોવા જોઈએ કારણકે તેઓ યોગ્ય ઉમેદવારોની વિચાર પ્રક્રિયા જાણે છે. મોટા ભાગના સામુદાયિક કાર્યોમાં, યુવાનો માટેના પ્રોજેક્ટ્સ વડીલો દ્વારા હાથ ધરવામાં આવે છે. યુવાનોને વિશ્વાસમાં લીધા વિના તેમના માટે પ્રોજેક્ટ બનાવવામાં આવે છે. કેટલાક વરિષ્ઠ સહભાગીઓ દ્રઢપણે માનતા હતા કે બાળકોના લગ્ન નાની ઉંમરે કરવા જોઈએ જેથી તેઓ જૈનોમાં જ લગ્ન કરે. મને લાગે છે કે આવા નેતાઓએ પહેલા આજની પરિસ્થિતિ, યુવાનોની વિચાર પ્રક્રિયાને સમજવી જોઈએ. અને યુવા વર્ગ માટે ચર્ચા કરવામાં આવે છે તેઓને વિશ્વાસમાં લેવા જોઈએ. અન્યથા તેમના તમામ પ્રયત્નો વ્યર્થ જશે.

તાજેતરમાં આપણી જ્ઞાતિમાંથી કોઈએ કચ્છની સ્થાનિક કેબલ ચેનલો પર ઈન્ટરવ્યુ આપ્યા છે અને ઈન્ટરવ્યુમાં આપણા એક ખાસ જૈન મંદિરના ટ્રસ્ટીઓ પર આક્ષેપો કરવામાં આવ્યા છે. એવું પણ સાંભળવા મળે છે કે અમુક ટ્રસ્ટ/ટ્રસ્ટીઓ વિરુદ્ધ પોલીસ, આવકવેરા કચેરીઓ વગેરેમાં ફરિયાદો દાખલ કરવામાં આવી છે. હું સમજી શકું છું કે ફરિયાદીએ સ્પષ્ટતા મેળવવાના તમામ પ્રયાસો કર્યા હોવા જોઈએ અને પછી જ તેણે આવા કડક પગલાં લીધાં હશે. પરંતુ હું ઉક્ત સજ્જનને આવા આત્યંતિક પગલાં ટાળવા વિનંતી કરૂં છું. કારણ કે આનાથી અન્ય જૈન સંસ્થાઓની પ્રતિષ્ઠાને નુકસાન થશે અને સરકારી અધિકારીઓ પણ સાચા ટ્રસ્ટોને મુશ્કેલીમાં મૂકી શકે છે. મહેરબાની કરીને એવા પગલાઓ ટાળો કે જેનાથી અન્ય સાચા લોકોને પીડા થઈ શકે. સાથેસાથે સંસ્થાઓના ટ્રસ્ટીઓએ પણ વહીવટમાં પારદર્શિતા રાખવી જરૂરી છે.

પ્રકાશ સમિતિના ૧૦૦ વર્ષની ઉજવણીની તૈયારી પૂરજોશમાં ચાલી રહી છે. પ્રકાશ સમીક્ષાના તમામ ટ્રસ્ટીઓ ઉજવણીને ભવ્ય અને અતિ ભવ્ય બનાવવા માટે ખૂબ જ મહેનત કરી રહ્યા છે. એ માટે બે પેટા સમિતિના સભ્યો અને વિદ્યાર્થી સંઘના પદાધિકારીઓનો સંપૂર્ણ સહયોગ આપી રહ્યા છે. ૧લી ડિસેમ્બરે ષણ્મુખાનંદ ઓડિટોરિયમમાં ભવ્ય સંગીત સંધ્યાનું આયોજન કરવામાં આવ્યું છે અને આ કાર્યક્રમમાં આપણી જ્ઞાતિની વિવિધ મહત્વની હસ્તીઓના ઈન્ટરવ્યુ ધરાવતી કોફી ટેબલ બુકનું પણ લોકાર્પણ કરવામાં આવશે. આ પ્રસંગે પ્રકાશ સમીક્ષા (સ્મૃતિ વિશેષાંક) ની વિશેષ આવૃત્તિ પણ પ્રકાશિત કરવામાં આવશે જે ખૂબ જ માહિતિપ્રદ હશે. હું બધા વાચકોને આ પ્રસંગ માટે ખુલ્લા દિલથી પ્રકાશ સમીક્ષાને સમર્થન આપવા વિનંતી કરું છું.

પર્યુષણ પર્વ ૧લી સપ્ટેમ્બરથી શરૂ થઈ રહ્યું છે અને હું ઈચ્છું છું કે આપણા બધાની પ્રાર્થનાથી વિશ્વમાં અને હાલમાં આપસમાં લડતા તમામ દેશો વચ્ચે ભાઈચારો સ્થાપિત થાય અને શાંતિ પાછી આવે.

## આદ્યતંત્રીઓ

''પ્રકાશ''

ડૉ. વેલજી પાશ્વીર ગોસર

''સમીક્ષા''

સનત્ શાહ અને ગોવિંદજી જીવરાજ લોડાયા

''પ્રકાશ સમીક્ષા''

સનત્ શાહ

રાયચંદ રતનશી નાગડા

**: તંત્રી :**

CA હીરાચંદ દામજી દંડ

**ટ્રસ્ટ રજી. નં : F - 69260**

પ્રમુખ : CA હીરાચંદ દામજી દંડ

મંત્રી : ઍડ. ઉદયન લાલજી લોડાયા

કોષાધ્યક્ષ : હેમાંગ લાલજી શાહ (લોડાયા)

**અન્ય ટ્રસ્ટીઓ**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા — કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા

કેશરસિંહ આણંદજી ખોના — શૈલેશ સનત્ શાહ

તિલકચંદ કુંવરજી લોડાયા — કિરીટ ખેતસી શાહ

શિલ્પાબેન અજાણી — જયંત વિશનજી છેડા


## સરનામામાં ફેરફાર અંગે વિશેષ વિનંતી.

આપના રહેઠાણના સરનામામાં ફેરફાર અંગેની નોંધ હવેથી **kdoaddress@gmail.com** ઉપર મોકલવા.


**વૉલ્યુમ : ૦૪, અંક : ૨૦, તા. ૨૦-૦૮-૨૦૨૪**



**: કાર્યાલય :**

પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું

**PRAKASH SAMIKSHA**

A/704, Remi Bizcourt, Plot No. 9,
Shah Indl. Estate, Off Veera Desai Road,
Andheri (W), Mumbai-400 053.

**: જાહેરાત સંપર્ક :**

હેમાંગ લાલજી શાહ

મો.: 99206 46846

E-mail : **kdoprakash@gmail.com**


**વિશેષ નોંધ :** પ્રકાશ સમીક્ષામાં પ્રકાશિત થતા દરેક પ્રકારના લેખ અને મંતવ્યોમાં વ્યક્ત વિચારો જે તે લેખકના છે. પ્રકાશ સમીક્ષાનું તંત્રી મંડળ તે વિચારો સાથે સહમત છે તેમ માનવું નહીં. **- તંત્રી**

**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર....**
**www.prakashsamiksha.com**

## પ્રકાશ-સમીક્ષાના જાહેરાત દર ૧ એપ્રિલ ૨૦૧૯ થી

### કલર પાનાની જાહેરાત

| પ્રકાર | સાઈઝ | કલર | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| મુખપૃષ્ઠ | 167 x 190 mm | 11,000/- | 550/- | 11,550/- |
| આખું પાનું | 167 x 233 mm | 10,000/- | 500/- | 10,500/- |
| અડધું પાનું | 167 x 114 mm | 6,000/- | 300/- | 6,300/- |
| પા પાનું | 82 x 114 mm | 4,000/- | 200/- | 4200/- |

### બ્લેક એન્ડ વ્હાઈટ પાનાની જાહેરાત

| પ્રકાર | સાઈઝ | B/W | GST 5% | ટોટલ |
|---|---|---|---|---|
| આખું પાનું | 160 x 225 mm | 6,000/- | 300/- | 6,300/- |
| અડધું પાનું | 160 x 111 mm | 3,500/- | 175/- | 3,675/- |
| પા પાનું | 77 x 111 mm | 2,000/- | 100/- | 2,100/- |
| ૧/૮ પાનું | 77 x 54 mm | 1100/- | 55/- | 1155/- |
| ૧/૧૬ પાનું | 77 x 27 mm | 600/- | 30/- | 630/- |

ચેક C.D.O. PRAKASH SAMIKSHA SAMITI ના નામે લખવા

## 'પ્રકાશ-સમીક્ષા' પાક્ષિક

દર મહીને ૫ અને ૨૦ તારીખના પ્રગટ થાય છે. લેખો, સમાચારો આગામી કાર્યક્રમો-પ્રવૃત્તિઓની જાહેરાતો ઈત્યાદી અનુક્રમે ૧ અને ૧૫ તારીખ સુધીમાં મોકલાશે તો તે મેટર જે તે અંકોમાં પ્રકાશિત કરવાનું અમને શક્ય બનશે.

**જાહેરાત/લવાજમ ભરવા અમારી બેંક અકાઉન્ટની વિગત નીચે મુજબની છે.**

For NEFT Transfer

Type of Account : Saving
Account Number : 004003000002
Name of the Bank : Shri Arihant Co-op Bank Ltd.
Branch : Chinch Bunder, Mumbai - 400 009.
IFSC Code : ICIC00ARIHT (after ICIC it is zero zero)
MICR Code : 400800005
Name of the Account: Shri C D O Prakash Samiksha Samiti

For Mobile App Transfer
Our MMID Code : 8359011

You must write/mail separate letter giving payment reference number, amount and date of transfer.
For old subscribers-Just give your Subscription Number.
For New Subscribers - Give full residence address with native village (Kutch Halar).

જાહેરાત / લવાજમ મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.

જુના ગ્રાહકોએ ફક્ત ગ્રાહક નંબર મોકલવો.

નવા ગ્રાહકોએ હાલનું પૂરું સરનામું પોતાના (કચ્છ-હાલાર)ના ગામ સાથે લખી મોકલવું.

For Cheque Payment
Draw your cheque in the name of **"Shri C D O Prakash Samiksha Samiti"** and payable at par at Mumbai.

ચેકથી જાહેરાત/ લવાજમ ભરનારાઓને ચેક Shri C D O Prakash Samiksha Samiti નાં નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવો જોઈએ.



# કચ્છ દર્શન





(ભાગ : ૨૭)

લેખક : સોમ ધરમશી
મો. : ૯૭૨૬૭ ૭૬૬૨૭

**(ગતાંકથી ચાલુ)**



**નવદુર્ગા - શ્રી અંબેધામ - ગોધરા-કચ્છ.**

આપણી સંસ્કૃતિ માં નારી ને નારાયણીની ઉપમા આપવામાં આવી છે તેથી નારી આપણે ત્યાં ''મા'' તરીકે પુજાય છે.

કવિઓ એ અને લોકસાહિત્યનાં રચયિતાઓએ ''મા''ની મહત્તા દર્શાવતા ગીતો આપ્યા છે. એકાદ બે નાં મુખડા રજુ કરું છું...

**''માડી ! તારું કંકુ ખર્યું ને સૂરજ ઉગ્યો;**
**જગ માથે જાણે પ્રભૂતાએ પગ મૂક્યો.''**

-(અવિનાશ વ્યાસ)

**''પરથમ પરણામ મારા માતાજીને કહેજો રે,**
**માન્યૂં જેણે માટીને રતન જી;**
**ભૂખ્યા રહી જમાડ્યાં અમને, જાગી ઊંઘાડ્યાં,**
**એવાં કાયાનાં કીધલા જતન જી''**

-(રામનારાયણ પાઠક)

બધા યાત્રિકોને અંબેધામનાં વિશાળ મંદિરમાં પ્રવેશ કરાવ્યો. અહિં પ્રવેશ કરતાં પહેલાં બન્ને તરફ અંબા માં નું વાહન, ભરાવદાર કેશવાળીવાળા સિંહની કલાકૃતિ આપણા પોંખણાં લે છે. મંદિરનું રંગમંડપ વિશાળ છે. ગણપતિ સરસ્વતિ દેવી અન્ય દેવ દેવીઓની મૂર્તિઓ છે. અંદર કૃત્રિમ પ્રકાશનાં આયોજનનાં કારણે રંગમંડપમાં રંગબેરંગી જળહળાટ છે. સૌ ભાવિકો માતાજીનાં ચરણોમાં નમન કરી મનોમન પ્રાર્થના કરવા અને આર્શીવાદ લેવા તત્પર થયા.

કેટલાક યાત્રિકોએ ચુંદડી, નાળિયેર, પુજાપાનો સામાન ''મા નાં ચરણોમાં ધરવા'' લઈ આવ્યા હતા તે પુજારીને માતાજી ને અર્પણ કરવા આપ્યા.

પુજારી ઝાલા હેમસંગજી જેમની ઓળખાણ આ મંદિરનાં સામાજીક કાર્યકર્તા અને મેડીકલ કેમ્પસનું આયોજન કરનાર મારા ડોંબિવલીનાં મિત્ર અરવિંદભાઈ જોષીએ કરાવેલ તેથી યાત્રિકોની જાણકારી માટે તેમની સાથે થયેલ વાર્તાલાપનાં મુખ્ય અંશોની અહિં નોંધ લઉં છું.

ઝાલા સાહેબે જણાવ્યું કે આ મંદિરનું કાર્ય આશરે ૩૦ વર્ષ પહેલાં શરૂ કરવામાં આવેલ અને ટ્રસ્ટીગણનાં ઉત્સાહનાં કારણે ફક્ત બે વર્ષમાં જ આ સંપૂણ સંકુલ ને પૂર્ણ કરવામાં આવેલ.

અહીં આ પ્રખ્યાત અંબામા નાં મંદિર ઉપરાંત એક નાનું જૈન મંદિર, પ્રેરણાધામ, પંચકુટીધામ, ગૌશાળા, ભોજન-શાળા, સર્વધર્મ સમભાવનું પ્રદર્શન અને યાત્રિકોને રહેવા માટે અતિથીગૃહનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે.

નવરાત્રીમાં મંદિરની બાજુમાં આવેલ વિશાળ ચોકમાં ૨૫ થી ૩૦ હજાર ભાવિકો માં નો ગરબો લે છે.

ધરતીકંપ વખતે મા ના આર્શીવાદથી કોઈ નુકશાન થયું નથી. મંદિરનાં પરિસરમાં ગિરનાર પર્વતની કૃતિમાં નવદૂર્ગાઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. જેમનાં નામ નીચે પ્રમાણે છે :

(૧) માં શૈલપુત્રી, (૨) માં બ્રહ્મચારિણી, (૩) ચન્દ્રઘંણ્ટા, (૪) કૂષ્માણ્ડા, (૫) સ્કન્દમાતા, (૬) કાત્યાયની માતા, (૭) કાળરાત્રિ, (૮) મહાગૌરી સિદ્ધિદાત્રી, (૯) અંબે માતા. (જેની વિશેષ જાણકારી આવતા અંકે...)



**ભારતમાં સર્વધર્મના અનુયાયીઓ અંબા મા ની ઉપાસના કરે છે.**



**વૈષ્ણવદેવીની રીપરીકા ઉપર બિરાજમાન શિવજી**

# પ્રકાશ સમીક્ષાના શતાબ્દી વર્ષની ઉજવણીના ઉપલક્ષમાં પ્રકાશ સમીક્ષાના ભૂતપૂર્વ તંત્રીશ્રીઓના પરિવારજનો તથા લેખકો, પ્રતિનિધીઓ તથા તેમના પરિવારજનોને વિનમ્ર નિવેદન

100 YEAR ANNIVERSARY

PRAKASH SAMIKSHA

પ્રકાશ સમીક્ષાનું આ શતાબ્દી વર્ષ છે. તા. ૧ ડિસેમ્બર ૨૦૨૪ના સન્મુખાનંદ હોલ, કિંગ સર્કલ, મુંબઈ ખાતે ભવ્ય સમારંભમાં શતાબ્દી મહોત્સવ ઉજવાશે. એ પ્રસંગે સહભાગી થવા પ્ર. સ.ના ભૂતપૂર્વ તંત્રીશ્રીઓના પરિવારજનો, લેખકો, પ્રતિનિધીઓ તથા તેમના પરિવારજનોને પધારવા ભાવભર્યું જાહેર નિમંત્રણ છે.

આપ સૌનો વ્યક્તિગત સંપર્ક સાધી શકાય એ માટે આપનું પુરૂં નામ, સરનામું, મોબાઈલ નંબર તથા ઈ-મેઈલ આઈડી ત્વરિત અમારા સુધી પહોંચાડવા આપ સૌને વિનમ્ર નિવેદન છે.

E-mail : **100prakash2024@gmail.com** E-mail : **kdoprakash@gmail.com**

WhatsApp : **77385 08150**

પ્ર.સ.માં આપની અથવા આપના માતા-પિતાની ભૂમિકા : વર્ષ ____________

______________________________________________

નામ : ______________________________________________

મો.નં.: ______________________ ગામ : ______________________

સરનામું : ______________________________________________

______________________________________________

ઈ-મેઈલ : ______________________________________________

ઉપરોક્ત ફોર્મેટમાં વિગત ભરીને મેઈલ, વાટ્સએપ કે કુરિયર દ્વારા મોકલી આપવા વિનંતી.

**પ્રકાશ સમીક્ષા સમિતી**

## કદઓ જ્ઞાતિની દરેક સંસ્થાઓ, ગામના મહાજનો-મંડળો, મહિલા મંડળોને નિવેદન

કદઓ જ્ઞાતિની દરેક સંસ્થાઓ, ગામના મહાજનો-મંડળો, મહિલા મંડળોને વિનંતી છે કે સંસ્થાના વર્તમાન સર્વે પદાધિકારીઓ તથા કમિટી મેમ્બર્સના નામ, ગામ, મોબાઈલ નં તથા ઈ-મેઈલ આઈડી ઉપર તા. ૩૧.૧૦.૨૦૨૪ સુધીમાં મોકલી આપે. આપના ગામના દેરાસરની વિગતો તથા ફોટોગ્રાફ પણ મોકલવા વિનંતી. આ વિગતો પ્રકાશ સમીક્ષાના વિશેષાંક 'સ્મૃતિ વિશેષ'માં પ્રકાશિત થશે.

E-mail : **100prakash2024@gmail.com** E-mail : **kdoprakash@gmail.com**

WhatsApp : **77385 08150**

# મળવા જેવા માણસ...

## ડૉ.ગૌતમ રજનીકાંત માણેકજી લોડાયા



### ડો. ગૌતમ રજનીકાંત માણેકજી લોડાયા સર્વગ્રાહી કેન્સર સારવારમાં અગ્રણી

શ્રી કિશોર કરમશી વિકમશી સાથેની મારી વાતચીત દરમિયાન મને સૌપ્રથમ ડો. ગૌતમ રજનીકાંત માણેકજી લોડાયા વિશે જાણવા મળ્યું, જેઓ આપણી જ્ઞાતિના એક પ્રખ્યાત વ્યક્તિ છે. મારા માટે આશ્ચર્યની વાત એ હતી કે, હું આવા અદ્‌ભુત વ્યક્તિ વિશે જાણતો ન હતો. તેઓ એક સાચા સ્ટાર છે જેમનું યોગદાન અસંખ્ય જીવનને સ્પર્શી ગયું છે.

**પ્રારંભિક જીવન અને શિક્ષણ**

ડો. ગૌતમ લોડાયાનો જન્મ હુબલીમાં ડો. પુષ્પમાલા અને ડો. રજનીકાંત લોડાયાને ત્યાં થયો. ઉચ્ચ શિક્ષણ માટે હુબલી જતા પહેલા તેણે હાવેરીમાં શાળાનો અભ્યાસ પૂર્ણ કર્યો. ૧૨મું ધોરણ પૂરું કર્યા પછી, ડો. લોડાયાએ બીજાપુરમાંથી મેડિકલ ડિગ્રી (MBBS) અને ત્યારબાદ મૈસુર યુનિવર્સિટીમાંથી માસ્ટર ડિગ્રી (MS) કરી. સર્જિકલ ઓન્કોલોજીમાં તેમની વિશેષ યોગ્યતા શ્રી સિદ્ધિવિનાયક કેન્સર હોસ્પિટલમાં પૂર્ણ થઈ હતી. વધુમાં ડો. લોડાયાએ વેલોરથી ડાયાબિટોલોજીમાં, મણિપાલમાંથી એમ્બ્રીયોલોજીમાં, અને ક્વોન્ટમ સાયન્સ ઑફ હેલ્થ, હેપ્પીનેસ અને પ્રોસ્પેરિટીમાં સુપ્રસિદ્ધ ક્વોન્ટમ નિષ્ણાંત ડૉ. અમિત ગોસ્વામી (યુ.એસ.એ.)ના માર્ગદર્શનમાં ડિગ્રી મેળવી છે.

ડો. લોડાયાની જ્ઞાન માટેની તરસ ત્યાં જ અટકી ન હતી, તેમણે એક્યુપ્રેશર, એક્યુપંક્ચર, સાઉન્ડ હીલિંગ અને યોગ સહિતની વિવિધ સર્વગ્રાહી પ્રેક્ટીસમાં પણ નિપુણતા મેળવી છે. તેમનું વ્યાપક શિક્ષણ બહુવિધ વિદ્યાશાખાઓમાં ફેલાયેલું છે, જે તેમને બહુમુખી અને ઊંડા જાણકાર કેન્સર નિષ્ણાત બનાવે છે.

**લોડાયા હોસ્પિટલનો વારસો**

ડો. લોડાયા હાલમાં હાવેરીમાં ૭૫ બેડ્સની હોસ્પિટલનું સંચાલન કરે છે, જેની સ્થાપના તેમના માતા-પિતા દ્વારા ૧૯૭૦માં સમાજની સેવા કરવાના ઉદ્દેશ્ય સાથે કરવામાં આવી હતી. આ હોસ્પિટલ ભારતના બીજા હીલિંગ ગાર્ડનનું ઘર છે, જે નેચરોપેથિક સિદ્ધાંતો અનુસાર ડિઝાઇન કરવામાં આવ્યું છે. બગીચામાં ખુલ્લા પગે ચાલવા માટે સાત અનોખા ટ્રેક છેઃ ચુંબકીય, કાદવ, હાઇડ્રો, ઘાસ, રેતી, હાઇડ્રો-એક્યુપ્રેશર અને હર્બલ પાથ. ફક્ત આ ટ્રેક પર ચાલવાથી ૬૦% સુધીની હઠીલી બીમારીઓ ઘટાડી શકાય છે.

ડો. લોડાયાના કાર્યમાં ઊંડા ઉતરતા પહેલા, તેમના માતા-પિતા સ્વપ્નદ્રષ્ટા ડો. રજનીકાંત અને ડો. પુષ્પમાલા લોડાયાના યોગદાનને જાણવું મહત્વપૂર્ણ છે. લોડાયા પરિવારે હાવેરીમાં ૫૯ વર્ષ પહેલાં એક શાળાની સ્થાપના કરી હતી, જે હાલમાં નજીવી ફીમાં લગભગ ૩,૦૦૦ વિદ્યાર્થીઓને શિક્ષણ આપે છે. ડો. રજનીકાંતે ૩૫ વર્ષ સુધી શાળાના અધ્યક્ષ તરીકે સેવા આપી અને ગદગની એક શાળાને ઓડિટોરિયમ અને ઇન્ડોર સ્ટેડિયમ દાનમાં આપવા સહિત સમાજના વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપ્યું. ૩,૦૦૦ થી વધુ વૃક્ષો સાથે બાગાયતી ફાર્મની ખેતી કરનારા તેઓ પ્રકૃતિપ્રેમી પણ હતા. ડો. પુષ્પમાલાએ આજે પણ દરરોજ હોસ્પિટલમાં દર્દીઓની સેવા કરવાનું ચાલુ રાખ્યું છે.

**ક્વોન્ટમ સાયન્સ અને હીલિંગ**

ક્વોન્ટમ વિજ્ઞાન પ્રકૃતિ અને બ્રહ્માંડની ઊંડી સમજ પૂરી પાડે છે. ''ક્વોન્ટમ'' શબ્દ લેટિનમાંથી આવ્યો છે, અને ક્વોન્ટમ હીલિંગ ટેકનીકો વિવિધ શ્વાસોચ્છવાસ અને શરીર જાગૃતિની કસરતો દ્વારા જીવન શક્તિ ઊર્જાને વિસ્તૃત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ વૈજ્ઞાનિક વિચાર અમને ડો. લોડાયાના ઉપચાર માટેના અભિગમની વધુ પ્રશંસા કરવા પ્રેરિત કરે છે.

**પુરસ્કારો અને માન્યતા**

ડો. લોડાયાને તબીબી ક્ષેત્રે અસંખ્ય પુરસ્કારો અને પ્રશંસા પ્રાપ્ત થઈ છે. તેમણે ડોકટરો માટે દવા અને ઉપચાર અંગે જાગૃતિ કાર્યક્રમો હાથ ધર્યા છે. તેઓ બ્રહ્માકુમારીઓ દ્વારા આયોજિત માઇન્ડ-બોડી મેડિસિન કોન્ફરન્સમાં નિયમિત ફેકલ્ટી સભ્ય છે. ડો. લોડાયા નિયમિતપણે ટાટા કેન્સર હોસ્પિટલમાં પણ હાજરી આપે છે, જ્યાં તેઓ ક્વોન્ટમ હીલિંગ અને આધ્યાત્મિક સારવાર ટેકનીકોનો ઉપયોગ કરે છે.

હવે ડૉ. ગૌતમ લોડાયા સાથેની પ્રશ્નોતરીને માણીએ.

**પ્ર.સ.:** ડો. લોડાયા, તમે કેન્સરના ઘણા દર્દીઓને સાજા કર્યા છે. તમે એવા મેટ્રો શહેરમાં કેમ નથી ગયા જ્યાં તમે સંભવિતપણે વધુ પૈસા કમાઈ શકો?

**ડો. લોડાયા :** આ વ્યવસાયમાં મારો ધ્યેય પૈસા કમાવવાનો નથી પરંતુ જરૂરિયાતમંદોની સેવા કરવાનો છે. હાવેરીમાં, અમારી હોસ્પિટલનો નેચર પાર્ક અને નેચરોપેથી સુવિધાઓ એવું વાતાવરણ પૂરું પાડે છે કે જ્યાં દર્દીઓની વધુ સરળતા સાથે સારવાર કરી શકાય અને તેમના સાજા થવાની શક્યતા વધારે હોય.

**પ્ર.સ.:** જ્યારે દર્દીઓ પ્રથમ વખત તમારી પાસે આવે ત્યારે તમે તેમને શું સલાહ આપો છો?

**ડો. લોડાયા :** હું તેમને હંમેશા કહું છું કે જો તેઓ સાજા થવા માંગતા હોય, તો તેઓએ મારી બધી સૂચનાઓનું પાલન કરવું જોઈએ. ફક્ત દવાઓ ચમત્કારીક કામ કરશે નહીં, તેઓના બાકીના જીવન માટે મારી સલાહ મુજબ જીવનશૈલીમાં ફેરફાર કરવો જરૂરી છે.

**પ્ર.સ.:** તમે એલોપેથી, નેચરોપેથી, ચાઈનીઝ મેડિસિન, ક્વોન્ટમ સાયન્સ અને સાઉન્ડ થેરાપી સહિત વિવિધ તબીબી વિજ્ઞાનનો અભ્યાસ કર્યો છે. દર્દીઓની સારવાર કરતી વખતે તમે કયો અભિગમ પસંદ કરો છો?

**ડો. લોડાયા :** હું સારવારને દર્દીની ચોક્કસ સ્થિતિ અનુસાર તૈયાર કરું છું. હું કેન્સર અને ડાયાબિટીસ જેવા તીવ્ર રોગો માટે નિસર્ગોપચાર અને ક્વોન્ટમ હીલિંગ પર ધ્યાન કેન્દ્રિત કરું છું કારણ કે પ્રકૃતિ ઉપચારમાં નિર્ણાયક ભૂમિકા ભજવે છે. દર્દીઓને તેમના ડોક્ટર અને સારવારમાં સંપૂર્ણ વિશ્વાસ હોવો જોઈએ. હકારાત્મક વિચારસરણી, શિસ્તબદ્ધ જીવનશૈલી અને એક્યુપ્રેશર જેવી સારવાર પુનઃ સ્વાસ્થ્ય પ્રાપ્તિ માટેની ચાવી છે.

**પ્ર.સ.:** કેન્સરના મુખ્ય કારણો શું છે?

**ડો. લોડાયા :** ઘણા બધા કારણો છે. પોતાની લાગણીઓને વ્યક્ત કર્યા વિના દબાવી રાખવી, અતિશય ડર અથવા નકારાત્મક વિચારો, ખરાબ આહાર અને જીવનમાં શિસ્તનો અભાવ મુખ્ય છે. Wi-Fi જેવી આધુનિક સગવડતા પણ હાનિકારક હોઈ શકે છે. Wi-Fi રાત્રે બંધ કરવું જોઈએ.

**પ્ર.સ.:** શું તમે તમારા કેટલાક અનુભવો અને વિચારો જણાવશો?

**ડો. લોડાયા :** દર્દીઓએ ડોક્ટરો માટે ''શોપિંગ'' ન કરવું જોઈએ. કેન્સર જેવી બીમારીઓ રાતોરાત મટાડી શકાતી નથી. મારી પાસે કેન્સરના ચોથા તબક્કામાં લંડનથી ૩૨ વર્ષીય દર્દી આવેલ હતો જે હકારાત્મક વિચારસરણી, જીવનશૈલીમાં ફેરફાર અને સારવારમાં વિશ્વાસ દ્વારા સાજો થયો હતો. માનસિક ઊર્જા, ધ્વનિ ઉપચાર અને પુષ્પ ઉપચાર પણ ભૂમિકા ભજવે છે. ડોક્ટરોને તેઓ જે સારવાર આપે છે તેમાં વિશ્વાસ હોવો જોઈએ, કારણ કે તેમના વિચારો અને શક્તિ દર્દીની પુનઃ સ્વાસ્થ્ય પ્રાપ્તિને અસર કરે છે તે બધું ઊર્જા અને કંપન વિશે છે. સર્જરી પહેલા ધ્યાન કરવાથી દવાની જરૂરિયાત ઘટાડી શકાય છે. તમારા વિચારો બદલો, અને તમે તમારા રોગને નિયંત્રિત કરી શકો છો. દર કલાકે પાંચ મિનિટ ધ્યાન કરો, તમારી સાથે સમય વિતાવો, અને જીવનને બહુ ગંભીરતાથી ન લો. જ્યાં સુધી કટોકટી ન હોય ત્યાં સુધી કંઈ પણ એટલું મહત્વનું નથી. તમારા મનને આરામ આપવા માટે તમારી વાત ૫૦% ઓછી કરો અને તમારી જીવનશૈલી બદલો જેથી તમે અલગ વ્યક્તિ બની શકો. કેટલાક દર્દીઓ સહાનુભૂતિ માટે રોગો ઉત્પન્ન કરે છે. સારી સારવાર છ મહિનામાં દવાની જરૂરિયાતને અડધી કરી શકે છે.

**પ્ર.સ.:** ડો. લોડાયા, સમય અને આંતરદૃષ્ટિ માટે તમારો આભાર.

**જ્ઞાતિજનો માટે સંદેશ**

ડો. ગૌતમ લોડાયાએ ઘણા કેન્સરના દર્દીઓની સફળતાપૂર્વક સારવાર કરી છે. કેન્સરના કેસોની સંખ્યા સતત વધી રહી છે, ત્યારે આપણી જ્ઞાતિએ આવા આદરણીય ડોક્ટર જ્ઞાતિમાં છે તેમનો સંપૂર્ણ લાભ લેવો જોઈએ. તમે ડો. ગૌતમ લોડાયાનો ઈમેઈલ ઉપર સંપર્ક કરી શકો છો. **gautamlodaya@gmail.com**

**– CA હીરાચંદ દંડ**

**નમ્ર નિવેદન :** જ્ઞાતિજનો, સંસ્થાઓ તથા મહાજનોને નિવેદન છે કે સમાચાર, જાહેરખબર કે અન્ય માહિતી મોકલતી વખતે ઈ-મેલમાં આપનો કોન્ટેક્ટ નંબર લખવો. **– તંત્રી મંડળ**


**કલા–કસબ અને કલરનો અનોખો સમન્વય**

જ્યોતિ

Since 1976

Matunga (E)

for Exclusive Embroidery and uptodate Finishing!

Ph.: 022-2404 3995 / 83692 52836

Follow us on instagram @jyotisaree

# આંતરજ્ઞાતિય લગ્નો એક લાલબત્તી સમાન ??

તાજેતરમાં પ્રકાશ સમીક્ષાના ૦૫ જાન્યુઆરીથી ૦૫ જુલાઈ સુધીના ૬ માસિક સર્વે મુજબ, આપણી જ્ઞાતિના ચોંકાવનારા પ્રશ્નો સામે આવ્યા છે. એક મરણ સામે જન્મનું પ્રમાણ બહુ ઘટવા લાગ્યું છે અને તેમાં ચર્ચા કરતા એક વાત એવી સામે આવી કે જન્મની પુરી માહિતી આપણી પાસે આવતી નથી એટલે એ માહિતી સચોટ આવે તો જ ચર્ચા કરી શકાય. અને બીજું બહુજ ધ્યાન આપવા જેવી બાબત સામે આવી છે કે આંતરજ્ઞાતિ સગાઈ અને લગ્નમાં વધારો જોવા મળ્યો છે. એક જમાનો હતો બેટી બચાઓ... પછી આવ્યો બેટી પઢાઓ... આ બન્ને વાત આપણે ખુબ આગળ લઈ ગયા છીએ, પણ આજકાલ સૌથી મોટો ચર્ચાનો વિષય છે તે બેટીને બીજી નાતમાં જતા અટકાવો.




આપણી નાતમાં છોકરા સામે છોકરીની સંખ્યા ઓછી છે એવું પણ નથી. સાથે વેલ સેટ એજ્યુકેટેડ છોકરા-છોકરી પણ છે, પણ આપણે કેમ આપણી દિકરી કે દીકરા માટે આપણી નાતનું પાત્ર પસંદ નથી કરી શકતા? ઉચ્ચ અભ્યાસ કરવામાં વધતી ઉંમર સાથે એમને એમના કવોલિફિકેશન મુજબ પાત્ર મળવા અને એમાં પણ સ્વતંત્રતા જોઈએ છે, એ ટ્રેન્ડ પણ જવાબદાર હોઈ શકે.

એક બાજુ આપણી દીકરીઓ બીજી નાતમાં જાય છે અને તેને સરભર કરવા આપણે પરનાતની છોકરી લઈ આવવી પડે છે, જેને તો ન આપણો ધર્મ, ન આપણી સંસ્કૃતિ ખબર હોય. આવનારા સમયમાં આપણી પેઢીને વારસામાં શું આપશે તેમજ જે આપણા નાતના પ્રચલિત રીત-રિવાજ અને રૂઢિઓ છે તે તેમને શીખવાડવા માટે ઈતિહાસ બની જશે.

ક્યાંક વડીલોના સંકુચિત વિચારો આડા આવે છે કે આપણી દીકરી લગ્ન બાદ કામ કે નોકરી કરે એવું જોઈએ, ને આવનારી વહુ ઘરમાં કામ કરે અને અને વડીલોની સેવા કરે તેવો અલગ અલગ વિચાર કેમ કરીએ છીએ. આપણી જ દીકરી કોઈની વહુ બનવાની છે ને કોઈની દીકરી આપણી વહુ બનશે તો એમના વચ્ચે તફાવત કેમ ? કેમ આપણે આ સ્વીકારી શકતા નથી કે આવનારી વહુ પણ કોઈની દીકરી છે. ના કહી શકાય ના સહી શકાય તેવો આજનો હાલ છે અને દીકરીઓને બધી છૂટ ને વહુને બંધનમાં રાખીએ એવો અલગ નજરીયો કેમ?

પરનાતમાં લગ્ન કરવા કોઈ ગુનો નથી પણ એકની એક દીકરી નાતબહાર ગયા બાદ આપણી નાતના તમામ અધિકારો બંધ થઈ જતા હોય છે અને વસ્તી પત્રકમાં પણ તેમનું નામ કમી કરી આગળની પેઢીનો કોઈ ઉલ્લેખ કરવામાં આવતો નથી. જ્ઞાતિના લાભો તેમને મળવાના બંધ થઈ જશે અને તે આવા લગ્નબાદ ત્યાંના રીતરિવાજ. ખાણીપીણીમાં સેટ નથી થતા અને ફરી થોડા જ સમયમાં પાછા ફરે છે તો તે દીકરી શું છૂટાછેડા લઈને આવશે તો એને આપણી નાતમાં કોઈ હક્ક રહેશે ખરો? પહેલા ગામના કાર્યક્રમોમાં ગામવાસી આવતા, સમય જતાં સંખ્યા ઘટી જતાં નિયાણી બહેનોને આમંત્રણ મળવા લાગ્યા તો હવે શું નાતબહાર પરણેલી દીકરી કે એમના પરિવારો આપણા કાર્યક્રમોમાં આવી શકશે કે નહિં, તે પણ વિચારવા જેવું છે.

પ્રેમ લગ્ન પણ વધવા લાગ્યા છે. પ્રેમ લગ્ન કરવા એ ગુનો નથી અને પ્રેમ આંધળો હોય. હવે આવા લગ્નોને વાલીઓ અપનાવવા પણ લાગ્યા છે અને આવા લગ્ન પાછળ કોઈ દંડ કે અન્ય કાયદાની જોગવાઈ ન હોઈ આને રોકવું મુશ્કેલ બની જશે. હવે તો એક વાલી કે વડીલ તરીકે આપણે જ આપણી સંસ્કૃતિ અને સંસ્કાર થકી દીકરી હોય કે દીકરો પણ સમાજનું પાત્ર સમાજમાં જ પરણે તે માટે સમજણ આપવી પડશે. પ્રેમ-આકર્ષણ ને લગ્ન બાદનું જીવન અને નાત અને પરનાત વચ્ચેનું અંતર શું છે અને એના શું ફાયદા-ગેરફાયદા છે અને સાત્વિક ખાણી-પીણીને રહેણી-કહેણી ઘણું બદલાઈ જશે તેનું અત્યારથી જ ખુલાસાવાર ચર્ચા કરવી પડશે.

આપણે બધા ભણેલા, ગણેલા અને સમજદાર સમાજના સભ્યો છીએ, પણ હકીકત એ પણ છે કે હજુ એ સમય દૂર નથી કે આપણા સમાજમાં દીકરા-દીકરીઓ આપણી આંખ સામે બીજી નાતમાં લગ્ન કરશે, અને એની સામે આપણે આંખ આડા કાન કરતા રહેશું કે કંઈ નક્કર પરિણામ લાવી શકાય તેવા વિચાર કરશું? આ ચર્ચાના અલગ અલગ અભિપ્રાયો હોઈ શકે પણ એક વાત નક્કી છે, પ્રશ્ન ગંભીર છે. કોઈ સામે આવીને ચર્ચા કરશે કે કોઈ ઘર મેળે ચર્ચા કરશે પણ એનું ભવિષ્યમાં પરિણામ વિચારી અને એનું બીજ આજથી જ વાવશું તો જ એ સમજણ આવનારા સમયમાં ઉગી નીકળશે.

**- એડ. કેતન લોડાયા, ગાંધીધામ**

**મોબ. ૯૮૭૯૫૨૨૬૪૨**

॥ શ્રી ચંદ્રપ્રભુ સ્વામીયે નમઃ ॥

# શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન - નલીયા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નંબર : એ-૫૬૪ (કચ્છ)

ધર્મશાળા ફલીયા, નલીયા, તા. અબડાસા (કચ્છ), પીન નં. ૩૭૦૬૫૫. ફોન નં. ૦૨૮૩૧-૨૨૨૩૩૭

## તા. ૦૧.૦૪.૨૦૨૩ થી તા. ૩૧મી માર્ચ ૨૦૨૪ના રોજ પુરા થતા વર્ષનું આવક-જાવક પત્રક

| આવક | | રકમ |
|---|---|---|
| દુકાન ભાડા | | ૩૩૦૦૦.૦૦ |
| **વ્યાજ આવક** | | |
| બેંક ફી.ડી. ખાતા પર | ૪૨૮૯૬૨.૦૦ | |
| બેંક એસ.બી. ખાતા પર | ૧૪૧૭૫.૦૦ | ૪૪૩૧૩૭.૦૦ |
| **દાન ખાતે** | | |
| સાધર્મિક ભક્તિ | ૫૭૦૧.૦૦ | |
| આયંબીલ ભેટ | ૫૩૦૦.૦૦ | |
| સાધુ-સાધ્વી વૈયાવચ્ચ | ૪૬૭૩.૦૦ | |
| સંઘ જમણ ભેટ | ૫૫૭૩૪૩.૦૦ | |
| સાધારણ ભેટ | ૪૦૧૭૪૮.૦૦ | |
| ચાતુર્માસ અને સ્નેહમિલન ભેટ | ૭૨૮૭૦૩.૦૦ | ૧૭૦૩૪૬૮.૦૦ |
| **અન્ય આવક** | | |
| પરચુરણ આવક | | ૫૧.૦૦ |
| કુલ રૂા. | | ૨૧૭૯૬૫૬.૦૦ |

| ખર્ચ | | રકમ |
|---|---|---|
| મરામત અને નિભાવ | | ૪૭૩૫૦.૦૦ |
| **વહીવટી ખર્ચ :** | | |
| સ્ટાફ પગાર-બોનસ ખર્ચ | ૧૭૯૬૦૦.૦૦ | |
| એકાઉન્ટીંગ ખર્ચ | ૧૮૦૦૦.૦૦ | |
| પોસ્ટેજ તથા કુરીઅર ખર્ચ | ૫૨૦૬.૦૦ | |
| બેંક કમીશન | ૫૮૬.૧૬ | |
| જાહેરાત ખર્ચ | ૪૪૯૧૦.૦૦ | |
| પ્રિન્ટીંગ તથા સ્ટેશનરી ખર્ચ | ૨૪૬૬૧.૦૦ | |
| ઓફિસ ખર્ચ | ૬૮૬૦.૦૦ | |
| મુસાફરી ખર્ચ | ૫૦૦.૦૦ | |
| ટી.ડી.એસ. પર વ્યાજ | ૨૭૦.૦૦ | |
| ઈલેક્ટ્રીસીટી બીલ ખર્ચ | ૫૪૭૧૦.૦૦ | ૩૩૫૩૦૩.૧૬ |
| ઓડીટ, ઈન્કમટેક્ષ ફી તથા અન્ય ફી | | ૪૧૫૯૫.૦૦ |
| ચેરીટી ફાળો અને ફી | | ૮૯૧૨.૦૦ |
| ડેડ સ્ટોક મરામત | | ૩૧૫૮૩.૦૦ |
| ઘસારો | | ૨૩૮૪૧.૦૦ |
| **ધાર્મિક ખર્ચ** | - | |
| સાધુ-સાધ્વી વૈયાવચ્ચ | ૫૮૯૯૯.૦૦ | |
| ચાતુર્માસ ખર્ચ | ૪૬૬૬૨૫.૦૦ | |
| સાધારણ ખર્ચ અને દાન | ૪૩૯૩૬૬.૦૦ | |
| સ્નેહમિલન ખર્ચ | ૬૩૪૯૬૧.૨૦ | |
| આયંબીલ ખર્ચ | ૧૫૦૦૦.૦૦ | ૧૬૧૪૯૫૧.૨૦ |
| અન્ય ધર્માદા ખર્ચ - સંઘ જમણ | ૫૮૨૫૪૮.૦૦ | |
| જીવદયા ખર્ચ | ૧૬૦૦૦.૦૦ | ૫૯૮૫૪૮.૦૦ |
| કુલ ખર્ચ | | ૨૭૦૨૦૮૩.૩૬ |
| ચાલુ સાલે આવકથી ખર્ચમાં વધારો સરવૈયામાં લઈ ગયા | | - ૫૨૨૪૨૭.૩૬ |
| કુલ રૂા. | | ૨૧૭૯૬૫૬.૦૦ |

## તા. ૩૧મી માર્ચ ૨૦૨૪ના રોજનું સરવૈયું

| ફંડો અને જવાબદારી | | રકમ |
|---|---|---|
| ટ્રસ્ટ ફંડ | ૨૮૯૮૫૬૦.૭૫ | |
| આજીવન સભ્યપદ ફી | ૨૮૨૭૦૦.૦૦ | ૩૧૮૧૨૬૦.૭૫ |
| ભોજનશાળા ફંડ | | ૬૩૬૭૬૩૭.૧૩ |
| અંકિત ફંડ | | ૫૧૮૫૯૯૫.૩૫ |
| **આવક-ખર્ચ ખાતું** | | |
| ગઈ સાલની બાકી | ૬૮૪૬૯૧૦.૪૦ | |
| ઘટાડો : ચાલુ સાલે આવકથી | | |
| ખર્ચમાં વધારો | - ૫૨૨૪૨૭.૩૬ | ૬૩૨૪૪૮૩.૦૪ |
| કુલ રૂા. | | ૨૧૦૫૯૩૭૬.૨૭ |

| મિલ્કત-લેણાં | | રકમ |
|---|---|---|
| સ્થાવર મિલકત | | ૧૨૯૧૫૩૪૫.૦૦ |
| રોકાણ(એફ.ડી.)ICICI બેન્ક,નલીયા | ૬૪૭૧૫૭૫.૦૦ | |
| વ્યાજ વસુલાત | ૩૩૩૦૪૯.૦૦ | ૬૮૦૪૬૨૪.૦૦ |
| ડેડ સ્ટોક ફર્નીચર | | ૧૭૧૧૯૧.૦૦ |
| મહાજનવાડી મીટર ડીપોઝીટ | ૮૫૦૦.૦૦ | |
| દુકાન મીટર ડીપોઝીટ | ૮૨૨૨.૦૦ | ૧૬૭૨૨.૦૦ |
| ટી.ડી.એસ. (૨૦૨૨-૨૩) | ૩૨૬૪૬.૦૦ | |
| ટી.ડી.એસ. (૨૦૨૩-૨૪) | ૪૩૬૪૨.૦૦ | ૭૬૨૮૮.૦૦ |
| ૫ સ્ટાર કેટરીંગ (ટીડીએસ) | | ૪૫૦૦.૦૦ |
| **રોકડ અને બેંક** | | |
| એસ.બી.આઈ. બેન્ક નલીયા | ૬૫૯૭૪૧.૦૭ | |
| ICICI બેન્ક, મુંબઈ | ૩૦૬૬૯૪.૧૧ | |
| અરિહંત બેન્ક, મુંબઈ | ૧૭૦૮૨.૮૩ | |
| પંજાબ નેશનલ બેન્ક, મુંબઈ | ૨૭૫૫૨.૨૬ | |
| પુરાંત હાથ પર (કચ્છ) | ૫૯૬૩૬.૦૦ | ૧૦૭૦૭૦૬.૨૭ |
| કુલ રૂા. | | ૨૧૦૫૯૩૭૬.૨૭ |

**શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન**
**નલીયા વતી (ટ્રસ્ટીગણ)**
ઓડીટર્સ : લાલકા એન્ડ લાલકા (LLP) (ગાંધીધામ - કચ્છ)
તા. ૧૦.૦૮.૨૦૨૪

**નોંધઃ-વાર્ષિક અન્વેષીત હિસાબો સબંધી કોઈ ખુલાસો/કોઈ પ્રશ્ન હોય તો સભ્યોએ લેખિતમાં તા. ૧/૦૯/૨૦૨૪ સુધી મહાજનના કાર્યાલયમાં સોંપવાનું રહેશે જેથી તે વિષયે સભામાં સ્પષ્ટીકરણ/માહિતી આપી શકાય.**

|| શ્રી ચંદ્રપ્રભુ સ્વામીયે નમઃ ||

# શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ-નલીયા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નંબર : ઈ-૧૦૫૧ (કચ્છ)

નલીયા (કચ્છ), તા. અબડાસા - ૩૭૦ ૬૫૫.

## તા. ૦૧.૦૪.૨૦૨૩ થી તા. ૩૧મી માર્ચ ૨૦૨૪ના રોજ પુરા થતા વર્ષનું આવક-જાવક પત્રક

| આવક | | રકમ |
|---|---|---|
| **ભાડા આવક** | | |
| બી.એસ.એન.એલ. | | |
| ટાવર ભાડા | | ૮૨૮૦૦.૦૦ |
| **વ્યાજ આવક** | | |
| બેંક એસ.બી. ખાતા પર | ૮૨૩૩૬.૦૦ | |
| બેંક એફ.ડી. ખાતા પર | ૯૩૭૯૦૦.૦૦ | ૧૦૨૦૨૩૬.૦૦ |
| **દાન / ભેટ** | | |
| સદ્‌ગૃહસ્થોની ભેટ | ૨૭૪૦૨૫૬.૦૦ | |
| સી.એસ.આર. ભેટ | ૩૦૯૦૦૦.૦૦ | ૩૦૪૯૨૫૬.૦૦ |
| સરકારી સબસીડી | | ૨૩૯૨૫૬૦.૦૦ |
| **અન્ય આવક** | | |
| ખાતર વેચાણ | ૪૭૫૦૦.૦૦ | |
| દુધ વેચાણ | ૭૪૯૪૮૪.૦૦ | |
| ઘી વેચાણ | ૧૭૧૬૫.૦૦ | |
| છાશ વેચાણ | ૩૪૩૦.૦૦ | |
| અન્ય પરચુરણ આવક | ૩૦૧૦૦.૦૦ | |
| ખાલી બારદાન વેચાણ | ૧૨૨૫.૦૦ | ૮૪૮૯૦૪.૦૦ |
| કુલ આવક | | ૭૩૯૩૭૫૬.૦૦ |
| કુલ રૂા. | | ૭૩૯૩૭૫૬.૦૦ |

| ખર્ચ | | રકમ |
|---|---|---|
| મરામત અને રીપેરીંગ | | ૧૭૦૮૦.૦૦ |
| **વહીવટી ખર્ચ** | | |
| સ્ટાફ પગાર ખર્ચ | ૨૮૧૦૦૦.૦૦ | |
| સ્ટાફ બોનસ ખર્ચ | ૧૯૦૦૦.૦૦ | |
| ઈલેક્ટ્રીસીટી બીલ ખર્ચ | ૪૧૨૦.૦૦ | |
| પોસ્ટ તથા કુરીઅર ખર્ચ | ૯૮૮૦.૦૦ | |
| પ્રિન્ટીંગ તથા સ્ટેશનરી ખર્ચ | ૨૬૬૯૧.૦૦ | |
| મુસાફરી ખર્ચ | ૫૦૦૦.૦૦ | |
| વેહીકલ પેટ્રોલ તથા રીપેરીંગ | ૧૬૨૭૦.૦૦ | |
| જાહેરાત ખર્ચ | ૮૧૧૫૦.૦૦ | |
| સભ્ય ફી ખર્ચ | ૧૧૦૦૦.૦૦ | |
| એકાઉન્ટીંગ ખર્ચ | ૧૮૦૦૦.૦૦ | |
| પરચુરણ ખર્ચ | ૧૫૧૦.૦૦ | |
| બેંક કમીશન | ૮૧.૧૩ | ૪૭૩૭૦૨.૧૩ |
| ઓડીટ, ઈન્કમ ટેક્ષ તથા અન્ય ફી | | ૬૫૭૮૫.૦૦ |
| પ્રોફેશનલ ફી | | ૩૦૦૦૦.૦૦ |
| ચેરીટી ફાળો અને ફી | | ૨૭૩૩૨.૦૦ |
| ઘસારો | | ૮૬૫૩.૦૦ |
| **પાંજરાપોળ રનીંગ ખર્ચ** | | |
| ઢોર માવજત ખર્ચ | ૪૨૪૫૨૭.૦૦ | |
| ઢોર સાખાઈ ખર્ચ | ૩૦૦૦.૦૦ | |
| ઢોર ચારાણી-મીરાણી ખર્ચ | ૪૯૩૨૮૪.૦૦ | |
| ઢોર ખોરાકી ખરીદી ખર્ચ | ૩૪૯૨૮૯૭.૦૦ | |
| કુતરાના રોટલા તથા પક્ષીચણ ખર્ચ | ૮૭૦૦.૦૦ | ૪૪૨૨૪૦૮.૦૦ |
| કુલ ખર્ચ | | ૫૦૪૪૯૬૦.૧૩ |
| ખર્ચથી આવકમાં વધારો | | ૨૩૪૮૭૯૫.૮૭ |
| કુલ રૂા. | | ૭૩૯૩૭૫૬.૦૦ |

## તા. ૩૧મી માર્ચ ૨૦૨૪ના રોજનું સરવૈયું

| ફંડો અને જવાબદારી | | રકમ |
|---|---|---|
| ટ્રસ્ટ ફંડ : | | |
| ગઈ સાલની બાકી | | ૨૧૦૭૯૨.૨૨ |
| શ્રી કાયમી ઘાસચારા જીવદયા ફંડ | | |
| ગઈ સાલની બાકી | | ૧૨૩૨૮૪૬૧.૭૩ |
| જવાબદારીઓ (ડીપોઝીટ) | | |
| ઢોર ભાડા ડીપોઝીટ | | ૨૪૦૦૦.૦૦ |
| **આવક-જાવક ખાતું** | | |
| ગઈ સાલની બાકી | ૪૮૭૬૪૨૬.૩૪ | |
| ચાલુ સાલે ખર્ચ થી | | |
| આવકમાં વધારો | ૨૩૪૮૭૯૫.૮૭ | ૭૨૨૫૨૨૨.૨૧ |
| કુલ રૂા. | | ૧૯૭૮૮૪૭૬.૧૬ |

| મિલ્કત-લેણાં | | રકમ |
|---|---|---|
| સ્થાવર મિલકત : ગોડાઉન પ્લોટ | | ૨૩૬૪૬૩.૦૦ |
| ગોડાઉન બાંધકામ : ગઈ સાલની બાકી | | ૫૫૨૨૮૪.૦૦ |
| ખેતીવાડી જમીન N.A. : ગઈ સાલની બાકી | | ૩૩૧૬૩૪.૦૦ |
| રોકાણ (એફ.ડી.) | | |
| ICICI બેન્ક, નલીયા ફી.ડી. | ૧૧૮૨૩૫૦૮.૦૦ | |
| પંજાબ નેશનલ બેન્ક, મુંબઈ ફી | ૨૨૦૦૦૦૦.૦૦ | |
| વ્યાજ વસુલાત | ૭૯૧૨૭૫.૦૦ | ૧૪૮૧૪૭૮૩.૦૦ |
| ફર્નીચર-ફિક્ષચર : ગઈ સાલની બાકી | ૫૨૮૫.૦૦ | |
| ઘસારો | ૫૨૯.૦૦ | ૪૭૫૬.૦૦ |
| હીરો હોન્ડા ટુ વ્હીલર : ગઈ સાલની બાકી | ૩૨૪૧૭.૦૦ | |
| ઘસારો | ૪૮૬૩.૦૦ | ૨૭૫૫૪.૦૦ |
| સી.સી.ટી.વી. કેમેરા ચાલુ સાલે ખરીદી | ૪૩૪૭૫.૦૦ | |
| ઘસારો | ૩૨૬૧.૦૦ | ૪૦૨૧૪.૦૦ |
| પી.જી.વી.સી.એલ. ડીપોઝીટ | | ૪૪૪૦.૦૦ |
| સ્ટોક ડાંઢર વતરો ખણ ભૂસો | | ૧૦૯૩૨૭૦.૦૦ |
| ટી.ડી.એસ. આવવાનો (૨૦૨૨-૨૩) | ૬૩૮૮૩.૦૦ | |
| ટી.ડી.એસ. આવવાનો (૨૦૨૩-૨૪) | ૯૩૭૯૧.૦૦ | ૧૫૭૬૭૪.૦૦ |
| **રોકડ અને બેંક બેલેન્સ** | | |
| બેન્ક ઓફ બરોડા, નલીયા | ૨૬૨૧૧૭.૮૯ | |
| અરિહંત બેન્ક, મુંબઈ | ૧૫૦૦૨૧.૩૦ | |
| ICICI બેન્ક | ૧૩૦૬૮૩૧.૦૦ | |
| ICICI બેન્ક (MMGPY) | ૭૯૨૬૨.૦૦ | |
| પી.એન.બી., મુંબઈ | ૫૭૫૯૪૩.૯૭ | |
| પુરાંત હાથ પર (મુંબઈ) | ૯૮૫૧૩.૦૦ | |
| પુરાંત હાથ પર (કચ્છ) | ૫૨૭૧૫.૦૦ | ૨૫૨૫૪૦૪.૧૬ |
| કુલ રૂા. | | ૧૯૭૮૮૪૭૬.૧૬ |

**શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ - નલીયા વતી (ટ્રસ્ટીગણ)**
ઓડીટર્સ : લાલકા એન્ડ લાલકા (LLP) (ગાંધીધામ - કચ્છ)
તા. ૧૦.૦૮.૨૦૨૩

નોંધઃ-વાર્ષિક અન્વેષીત હિસાબો સબંધી કોઈ ખુલાસો/કોઈ પ્રશ્ન હોય તો સભ્યોએ લેખિતમાં તા. ૧/૦૯/૨૦૨૪ સુધી મહાજનના કાર્યાલયમાં સોંપવાનું રહેશે જેથી તે વિષયે સભામાં સ્પષ્ટીકરણ/માહિતી આપી શકાય.

|| શ્રી ચંદ્રપ્રભુ સ્વામીને નમઃ ||

## શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ-નલીયા (કચ્છ)

ટ્રસ્ટ રજી. નંબર ઇ-૧૦૫૧ (કચ્છ)
ધર્મશાળા ફલીયા, નલીયા, તા. અબડાસા (કચ્છ)-૩૭૦૬૫૫.
ફોન નં. ૦૨૮૩૧-૨૨૨૩૩૭

શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ-નલીયા (કચ્છ)ની વાર્ષિક સામાન્ય સભા (AGM) બુધવાર તા.૪-૯-૨૦૨૪ સ્થાનિક નલીયા મધ્યે મહાજનના વિવિધલક્ષી હોલમાં રાત્રે ૮:૩૦ કલાકે રાખવામાં આવેલ છે. આ સભામાં નીચે મુજબના એજન્ડા પ્રમાણે કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**એજન્ડા :** ૧) પ્રમુખશ્રી દ્વારા આવકાર. ૨) ગત સભાની મિનિટ્સનું વાંચન અને બહાલી. ૩) ૨૦૨૩-૨૪ના વર્ષના પ્રવૃત્તિઓનો અહેવાલ. ૪) નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૦૨૪ના ઓડિટેડ હિસાબોની રજુઆત અને મંજુરી. ૫) નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૦૨૫માટે ઓડિટરની નિમણુંક. ૬) ખાલી પડેલ ટ્રસ્ટીઓની જગ્યાએ નવા ટ્રસ્ટીઓની નિમણુંક અંગે નિર્ણય. ૭) પ્રમુખશ્રીની મંજુરીથી જે રજુઆત થાય તે બાબતે ચર્ચા-વિચારણા કરવી.

**નોંધઃ** કોરમના અભાવે મુલત્વી રહેલ સભા તે જ સ્થળે અડધા કલાક બાદ મળશે. તેમાં કોરમની જરૂરત રહેશે નહીં.

**લી. શ્રી પાંજરાપોળ ગૌશાળા ચેરીટેબલ ટ્રસ્ટ**
**નલીયા (કચ્છ) ના સર્વે ટ્રસ્ટીગણના જય જિનેન્દ્ર**

તા. ૧૪/૦૮/૨૪

|| શ્રી ચંદ્રપ્રભુ સ્વામીને નમઃ ||

## શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન-નલીયા(કચ્છ)

ટ્રસ્ટ રજી. નંબર એ-૫૬૪ (કચ્છ)
ધર્મશાળા ફલીયા, નલીયા, તા. અબડાસા (કચ્છ)-૩૭૦૬૫૫.
ફોન નં. ૦૨૮૩૧-૨૨૨૩૩૭

શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન-નલીયા (કચ્છ)ની વાર્ષિક સામાન્ય સભા (AGM) બુધવાર તા.૪-૯-૨૦૨૪ સ્થાનિક નલીયા મધ્યે મહાજનના વિવિધલક્ષી હોલમાં રાત્રે ૯.૦૦ કલાકે રાખવામાં આવેલ છે. આ સભામાં નીચે મુજબના એજન્ડા પ્રમાણે કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

**એજન્ડા :** ૧) પ્રમુખશ્રી દ્વારા આવકાર. ૨) ગત સભાની મિનિટ્સનું વાંચન અને બહાલી. ૩) ૨૦૨૩-૨૪ના વર્ષના પ્રવૃત્તિઓનો અહેવાલ. ૪) નાણાંકીય વર્ષ ૨૦૨૩-૨૦૨૪ના ઓડિટેડ હિસાબોની રજુઆત અને મંજુરી. ૫) નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૦૨૫માટે ઓડિટરની નિમણુંક. ૬) ખાલી પડેલ ટ્રસ્ટીઓની જગ્યાએ નવા ટ્રસ્ટીઓની નિમણુંક અંગે નિર્ણય. ૭) પ્રમુખશ્રીની મંજુરીથી જે રજુઆત થાય તે બાબતે ચર્ચા-વિચારણા કરવી.

**નોંધઃ** કોરમના અભાવે મુલત્વી રહેલ સભા તે જ સ્થળે અડધા કલાક બાદ મળશે. તેમાં કોરમની જરૂરત રહેશે નહીં.

**લી. શ્રી કચ્છી દશા ઓશવાલ જૈન જ્ઞાતિ મહાજન**
**નલીયા (કચ્છ) ના સર્વે ટ્રસ્ટીગણના જય જિનેન્દ્ર**

તા. ૧૪/૦૮/૨૪

શ્રી ગોડીયા પાર્શ્વનાથાય નમઃ

## મા આશાપુરાની ૧૬મી પહેડી

જય માતાજી સાથે સહર્ષ જણાવવાનું કે મોટી સિંધોડી મધ્યે બિરાજમાન મૈશેરી પરિવારના કુળદેવી મા આશાપુરા માતાજીની પહેડી-પ્રસાદનો કાર્યક્રમ ભાદરવા સુદ બારસ, તા. ૧૫.૯.૨૦૨૪-રવિવારના શુભદિવસે. સમય સવારે ૯ થી ૨ ડોંબિવલીમાં રાખવામાં આવેલ છે. સર્વે ભાવિકો તેમજ નિયાણી બહેનોને પરિવાર સહિત પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**ભુઈમા ખમાવંતી ગુલાબ મૈશેરીના સર્વેને જય માતાજી**

**-: પહેડી પ્રસાદના લાભાર્થી પરિવાર :-**
**માતુશ્રી સ્વ. નવલબાઈ દામજી મૈશેરી પરીવાર**
**નાની સિંધોડી (ડોંબિવલી)**

**તારીખ :** **રવિવાર તા. ૧૫.૦૯.૨૦૨૪**
**સમય :** **સવારે ૯ વાગે**
**સ્થળ :** **હોરાઈઝન બેંકવેટ હોલ, ડી-માર્ટની બાજુમાં, માનપાડા રોડ, ડોંબિવલી (ઈસ્ટ).**

**નોંધ :** પહેડીમાં કાળા વસ્ત્રો પહેરવાની મનાઈ છે.


TRISHLA Since 1978

પર્યુષણ પર્વ નિમિતે ત્રિશલાનું નવલું નઝરાણું

## ત્રિશલા ભક્તિ ગુંજન

રીચાર્જેબલ પોર્ટેબલ જૈન મ્યુઝિક પ્લેયર




૧૨૦૦ થી અધીક જૈન સંગ્રહ

૧૯૦ કલાક નો ખજાનો

**મધુર કંઠે ગવાયેલ જૈન સ્તવન, સ્તુતિ, સ્તોત્ર નો અમુલ્ય ખજાનો**

શ્રી ભક્તામર સ્તોત્ર • રત્નાકર પચ્ચીસી • અરિહંત વંદનાવલી • નવકાર ધૂન
ભાવના ગીત સંગ્રહ - સુપ્રસિધ જૈન સ્તવનો • પ્રભુ સન્મુખ બોલવાની સ્તુતિઓ
શાંતિલાલ શાહઃ જૈન સ્તવનો - કથાગીતો • શ્રી જયંતભાઈ રાહી નવકાર જાપ
આદિનાથ - શંખેશ્વર પાર્શ્વનાથ - મહાવીર સ્વામિ ના સ્તવનો • સજ્ઝાય માળા
રાઈ - દેવસી - સંવતસરી પ્રતિક્રમણ • નવસ્મરણ • આનંદઘન ચોવીસી - પદો
ધૂન - મંત્ર - આત્મધૂન • પૂજા સંગ્રહ • ઘંટાકર્ણ મહાવીર • માણીભદ્રવીર
પ્રાર્થના ગીત • પુણ્યપ્રકાશ સ્તવન • પ્રાચીન ભજનો • દિવાળી ચોપડા પૂજન

**સ્તવનના લીસ્ટની બુક સાથે આવશે, જેમા આપની પસંદગીના ગીત નો નંબર દબાવીને સાંભળી શકશો**

**આજેજ ઓર્ડર આપો, ફ્રિ હોમ ડિલિવરી**
**TRISHLA ELECTRONICS - 98200 59899**
**સંપર્કઃ શાંતિલાલ ગોસર ❖ ફોનઃ ૯૮૨૦૦ ૫૯૮૯૯**

HOME DELIVERY

પ્રભાવના માટે નામ ફોટો સાથે સંપૂર્ણ વિગત પ્રીન્ટ કરીને વ્યાજબી ભાવથી મળશે

**ત્રિશલાનુ ઓરિઝીનલ પ્લેયર ખરીદો, ડુપલીકેટ પ્લેયરથી સાવધાન.**

આરોગ્ય પ્રકાશ

# નિરોગી રહેવાના નિયમો-૨

- ડૉ. વીરચંદ લખમશી નાગડા,
M.B.B.S. (મુંબઇ), **M : 8369077978**



**(૪) સ્નાનઃ** કસરત પછી શરીર શુદ્ધિ જરૂરી છે. સહન થતું હોય અને અતિ ઠંડી ન હોય ત્યારે નળના ઠંડા પાણીથી સ્નાન કરવું ઉત્તમ છે. શરૂઆતમાં પાણી નાભિ પર રેડવું. નાભીમાંથી નીકળી નસો આખા શરીરમાં પ્રસરેલી છે. તેથી નાભી પર રેડાતાં ઠંડા પાણીની ઠંડક આ નસો દ્વારા પૂરા શરીરમાં ફરી વળશે. શરૂમાં જ જો ઠંડુ પાણી માથા પર રેડવામાં આવે તો ક્યારેક આ નુકશાનકર્તા બની રહે છે. (માથા પર ઠંડુ પાણી રેડતા મગજની નસો ત્વરિત સંકોચાય જેથી મગજને લોહી ઓછું મળે અને તે નુકશાનકર્તા બને) તેથી મોટી ઉંમરનાએ પ્રથમ નાભિ પર પાણી રેડ્યા બાદ પગથી શરૂ કરી, છેલ્લે માથા પર પાણી રેડવું. મોટી ઉંમરનાએ ઉઠવા બેસવાની તકલીફ હોય તો ઉંચા સ્ટુલ કે ખુરશી પર બેસીને જ નાહવું. તે ઉપરાંત બાથરૂમમં ભીનાશ, ચિકાસ કે સાબુના ઉપયોગથી થયેલી ચીકાસથી લપસી પડવાનો ખૂબ ભય રહે છે, તે માટે ખૂબ સંભાળવું. અંદરના કપડાં બેસીને સંભાળપૂર્વક પહેરવા. નાહીને શુદ્ધ થવા વિશે વાત કરીએ છીએ ત્યારે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીએ લખેલ પંક્તિ યાદ કરીએ...

**ધીમે ધીમે વૃદ્ધિ પામીને તું વૃદ્ધ થા,**
**કાં તો પછી બધુ ત્યાગીને તું બુદ્ધ થા,**
**બાથરૂમમાં ન્હાઈએ કે ગંગા તટે,**
**પણ અંદરથી તું શુદ્ધ થા.**

વૃદ્ધ તો ઉંમર વધતા આપણે થઈએ જ છીએ પણ અહીં વૃદ્ધિ પામીને એટલે ડહાપણમાં, સમતામાં, ઘરનાં ને અન્ય જરૂરિયાતવાળાને મદદ કરવામાં, સારું વાંચન, વિચાર અને સારું આચરણ કરતાં બધી જ રીતે આચાર-વિચાર, વાણી-વર્તનમાં વૃદ્ધિ પામી વૃદ્ધ થવાની ગહન વાત શ્રી મેઘાણીએ કરી છે. બહારથી શરીરની સફાઈ તો આપણે કરીએ છીએ પણ અંદરથી મન-મગજથી શુદ્ધ થવાની ગહન વાત અહીં કહી છે.

**૫) નાસ્તો કે નવકારશી :** ચાની આદત ઘટાડી, ગુંદરની રાબ (ગોળ નાખી બનાવેલી) કે ખજુરવાળું દૂધ પીઓ. દુધ સાકર વગરની કાળી ચા કે ગ્રીન ટી લ્યો. સાકરનો ઉપયોગ જેટલો ઘટાડીશું તેટલું આરોગ્ય સુધરશે. બિસ્કીટ, પાઉં, મેંદાની અન્ય ચીજો કે બહારના તળેલા ફરસાણ કે તૈયાર મળતા તેલયુક્ત ખાખરાને ત્યજો. બહારના પેકેટ્સ, ફરસાણ, ખાખરામાં વપરાતા પામ ઓઈલથી બચો. રોટલી, રોટલા કે મગ જેવો નાસ્તો ગુણકારી છે. પાંચ બદામ, ચાર (આખા) અખરોટ, કાળી-લાલ કિસમિસ (ભીંજાવેલ) જરૂર ખાવ. આજકાલ કમર-ઘૂંટણના દુઃખાવાની તકલીફ સામાન્ય છે તે માટે ચાર ભીંડામાં કાપો કરી પાણીમાં ભીંજવી રાખી, સવારે તે પાણી પી લ્યો અને ભીંડા ચાવીને ખાઈ લ્યો. સવારનો આવો ગુણકારી નાસ્તો આપણને જરૂરી કેલ્શ્યમ, વિટામીન્સ, પ્રોટીન આપશે અને દિવસભર તાજગી જળવાઈ રહેશે. નાસ્તા અંતે સુવા-તલ-અજમાનો મુખવાસ અને અળશી (૪ ચમચી આખા દિવસમાં) લેવી. મોટી ઉંમરનાએ અશ્વગંધા અને રસાયણના પાવડરની ૧ ચમચી કે ૧ ગોળી સવાર-સાંજ લેવી, જેનાથી પ્રતિકાર શક્તિ વધશે અને આરોગ્ય જળવાશે. હરડે ધોઈને દિવસમાં ૨-૩ વાર ચૂસો. એથી પેટને ઠંડક મળશે, પેટ સાફ થશે (જુલાબ માટેની બીજી ચીજો આદત પાડે, આંતરડા નબળા કરે) બીજા ફાયદા થશે. નાસ્તા કે જમણ પછી નહાવું કે ભારી કામ, કસરત આરોગ્યને નુકશાન કરશે.

**(૬) ઈતર પ્રવૃત્તિ :** નિવૃત્ત થયેલ વ્યક્તિઓ માટે આ ખાસ ધ્યાન આપવાનું છે. પ્રવૃત્તિમાં રહેશો તો મગજ સક્રિય રહેશે, અલ્ઝાયમર (ભૂલી જવું), કંપવા જેવી મગજની બિમારીઓથી બચી જવાશે. સારું વાંચન-લેખન, ગીત-સંગીત, ભક્તિ સંગીત હોય કે મનને ખુશ કરે, શાંતિ આપે તેવું ફિલ્મ સંગીત, ડ્રોઈંગ, ગાર્ડનીંગ, પઝલ, ઉખાણા, સુડોકું કે કોયડા, જોક્સ, બાળકોને રમાડવા, આ સર્વ આપણા મગજને સક્રિય બનાવે. શક્ય હોય તો નવી ભાષા શીખવી, વાજીંત્ર વગાડતા શીખવું, શુભેચ્છા કાર્ડ બનાવવા કે ભરત-ગુંથણ કે ક્રિએટીવ આર્ટની વસ્તુઓ બનાવવી જે આપણને નવું કર્યાનું આનંદ આપશે. સ્ત્રીઓનો રસોડા અને ઘરના અન્ય કામોમાં સમય ઘણો પસાર થઈ જાય પણ પુરૂષોને ઘણો ફાજલ સમય મળી રહે. તેમણે ઘરના બની શકે તેવા કામમાં મદદ કરવી, સાદી-સરળ વાનગીઓ બનાવતા પણ શીખવું જેથી જરૂર પડે ખુબ ઉપયોગી બની રહે. આ સર્વ પ્રવૃત્તિ નિરાશાથી દૂર રાખશે, આનંદ આપશે, પરિણામે એન્ડોરફિન રસાયણ મગજમાં વધુ ઝરે. (સુખ શાંતિ અને આનંદ આપતા રસાયણો. પ્રકાશ સમીક્ષા તા. ૫.૮.૨૩ના અંકમાં ઓનલાઈન વાંચો) ઘરમાં અન્ય વ્યક્તિઓના કાર્યને બિરદાવતા, આભારની ભાવના વ્યક્ત કરીએ તે આનંદ-

સમાધાન આપે એટલું જ નહીં એ વ્યક્તિ સાથેના સંબંધ પણ હુંફાળા બની રહે, તે જ રીતે આપણા અનેક કાર્યો કરતાં (ભલે રૂપિયા-પગાર લે છતાં) આસપાસની કે સમાજની વ્યક્તિઓ દરેકનો આભાર વ્યક્ત કરવાની ભાવના, સૌનું ઋણ ફેડ્યાનો આનંદ આપશે જેનાથી ઓક્સીટોસીન નામનું ગુડફીલ હોર્મોન ઝરશે. ઘરની આસપાસ જ્યાં તડકો આવતો હોય ત્યાં ગાર્ડનીંગ કે કપડાં વગેરે સુકવવાનું કામ કરો કે અડધો કલાક તડકામાં બેસી રહો (શિયાળામાં ૧૧ થી ૨ વધુમાં વધુ વિટામીન ડી ચામડી તૈયાર કરે અને ઉનાળામાં ૯ થી ૧૦ પ્રકૃતિ અનુસાર) વીટામીન ડી સાથે ખુલ્લા વાતાવરણની ખુશનુમાને લીધે સેરોટોનીન હોર્મોન વધુ ઝરશે. મેડીટેશન ધ્યાન કરવું, મૌન રહેવું તે પણ સ્વાસ્થ્ય માટે ઉત્તમ કાર્ય છે. સમય મળે ત્યારે દરજી સંચો ચલાવે તેમ પગ ચલાવવાથી ડાયાબિટીશ થશે નહીં, હશે તો મટશે. હરી-ફરી શકતા હોય તેમણે કોઈ સેવા-સંસ્થામાં મદદ કાર્ય કરી પોતાના ફાઝલ સમયનો સદ્ઉપયોગ કરી શકે. (મોટી ઉંમરનાએ બહાર જતાં વાહનથી સંભાળવું કે પડી ન જવાય તેની કાળજી રાખવી ખૂબ જરૂરી. આ ઉંમરે ફ્રેક્ચર થવું, લીગામેન્ટ, ટેન્ડન કે સ્નાયુમાં ચીરો પડવો ખૂબ સામાન્ય છે.) નિર્દોષ હાસ્ય ખૂબ જરૂરી છે. આજકાલ લાફીંગ ક્લબોમાં સૌ મુક્ત મને હસે છે તે રીતે હસવું, હસવાથી એન્ડોરફીન ઝરે છે. મૌન રહ્યાથી અને ઊંડા શ્વાસ લેવાથી સેરોટોનીન હોર્મોન ઝરે છે. (સર્વ કાર્ય કરતી વખતે ટટ્ટાર બેસવું, ઝુકતી વખતે કમરથી ન વળતા ઘૂંટણ વાળીને નમવું અને ચાલતી વખતે સંભાળવું જરૂરી છે.) આશાવાદી બની, મહેનત કરી કોઈ લક્ષ્ય સિદ્ધ કરીએ, સંતોષ રાખીએ તો ડોપામાઈન હોર્મોન વધુ ઝરે.

દેવદર્શન, માળા-જાપ, ધર્મ ક્રિયા એ પણ સારી પ્રવૃત્તિ છે છતાં માનવ સેવા એજ પ્રભુ સેવા છે નો મંત્ર મુખ્ય રાખી ઘરનાં અને વૃદ્ધ-વડીલ, અશક્ત, રોગીને મદદ કરવી એ ધર્મક્રિયાથી પણ ઉચ્ચ છે. તેથી જ કહેવાયું છે કે, પ્રાર્થના માટે જોડાયેલા બે હાથ કરતાં મદદ માટે લંબાયેલ એક હાથ વધુ ઉત્તમ છે. પ્રખ્યાત શાયર નિદા ફાઝલીનો સુંદર શેર.

**મંદિર તો બહોત દૂર હૈ ઘરસે, વહાઁ જાયા ન જાય,**
**ચલો યું કરતે હૈ, કિસી રોતે હુએ કો હસાયા જાય.**

(ક્રમશઃ)

## સક્રિય રાજકારણમાં જોડાવું જોઈએ

તારીખ ૨૦ મે ૨૦૨૪ ના અંકમાં શ્રી કેતન મધુકાન્ત લોડાયાનો ઉપરના મથાળા હેઠળ લેખ ખૂબજ સમયસરનો છે. બધાએ વાંચી મનન કરવા જેવો છે.




આપણી જ્ઞાતિ વ્યાપાર ધંધામાં કુશળ છે. પણ હવે ધંધા ઉદ્યોગની રીતભાત-નીતિ વગેરેમાં ઘણોજ બદલાવ આવી ગયો છે. અને આપણે પણ કોઈ રાજકીય પક્ષ સાથે સારા સંબંધો રાખી આપણાં કોઇ જ્ઞાતિ ભાઈ-બંધુને અને ખાસ કરી યુવાનોને સપોર્ટ કરી સક્રિય રાજકારણમાં ઝંપલાવવાની તાતી જરૂરિયાત છે, આજના સમયની એ માંગ છે.

આપણે જોઈએ છીએ કે અભણ મજૂર વર્ગ પોતાના નેતાને ચૂંટણીમાં જીતાડવા માટે કોઈ કસર ચૂકતો નથી. જ્યારે આપણે ભણેલા લોકો ઈલેકશનની રજામાં હિલ સ્ટેશનોમાં ફરવા ચાલી જઈએ છીએ. આપણે એમ વિચારીએ છીએ કે મારા એક મતના કારણે મારો ઉમેદવાર થોડો હારી જવાનો? રાજકારણમાં આપણા યુવાનો જોડાશે તો આપણા સમાજને અને આપણા ધંધા રોજગારને પણ ઉત્તેજન મળશે. એડવોકેટ શ્રી કેતન મધુકાન્ત લોડાયાને ખૂબ ખૂબ ધન્યવાદ.

**– રમેશ જેઠાભાઈ નાગડા, કોચીન (નલીયા)**
**૯૪૪૭૭૬૮૭૪૦**


MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA ❖ MAHAVIR - MATUNGA

● પારસી ભરત અને બટકસબની સાડીઓ તૈયાર તેમજ ઓર્ડરથી ● સાચી જરીની સાડીઓ બોર્ડર ● જુના સાચા ઘરચોળા ● કસબના ચણીયા-ચોલી બજારથી વધારે ભાવથી વેંચવા મહાવીર-માટુંગા લઈ આવો, તરત જ ફાઈનલ.

**શ્રી મહાવીર એમ્બ્રોયડરી**
રાજ નિકેતન બિલ્ડીંગ HDFC ની બાજુમાં, ફુલ ગલીની સામે,
માટુંગા સે.રે. ૮૬૫૨૨ ૩૯૫૩૭ / ૯૮૩૩૯ ૧૬૫૧૦ સોમવારે બંધ



SHREE ASHTAVINAYAK APARTMENT
MAHARERA No. : P51600076880



**દેવલાલી**
**સૌભાગ્ય નગર**
મહારેરા રજીસ્ટર પ્રોજેક્ટ, ગુજરાતી પ્રતિષ્ઠિત બિલ્ડર, નાકા નં. ૬ની ગલીમાં, શ્રી પાર્શ્વધામ દેરાસરની સામેની ગલીમાં, શ્રી વિમલનાથજી દેરાસર તથા અનંત આરોગ્યધામ નિધી સેનેટોરીયમથી ફક્ત પાંચ મિનીટના અંતરે, ૨ બેડરૂમના ફ્લેટો.

**બુકીંગ માટે : પરેશ રાયચંદ શામજી ધરમશી**
મહારેરા રજીસ્ટર બ્રોકર : A51800002926
મો. ૯૯૩૦૮૦૩૯૫૯ / ૯૯૩૦૧૦૬૦૫૪

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

### ગૌતમભાઈ દંડ સિંગીંગ કોમ્પીટીશનમાં ફર્સ્ટ

મુલુંડના ગૌતમભાઈ દંડ તાજેતરમાં વિલેપાર્લેમાં યોજાયેલ બીજી કલાગુર્જરી સિંગીંગ કોમ્પીટીશનમાં ફર્સ્ટ પ્રાઈઝ જીત્યા હતા.

### સફલ વ્યવસાયી શિલ્પા ઠક્કર

મંજલ રેલડીયાના ડોંબિવલી નિવાસી વસંત હંસરાજ વેલજી દંડના દિકરી મુલુંડ નિવાસી સૌ. શિલ્પા ઠક્કરે ઘરથી ડ્રાયફ્રુટ વેચાણ 'નીચા ભાવ ઊંચી ક્વાલિટી'ના સિદ્ધાંતે શરૂ કર્યું અને આજે સફળતાને વરી પોતાની ડ્રાયફ્રુટની દુકાન ધરાવે છે.

### ગિરીશ મેઘાણી લિખિત સાયન્સ ફિક્સન નોવેલ

નવી સાયન્સ ફિક્શન નોવેલ 'અનનોન ડાર્કસાઈડ ઓફ ધ મુન'માં બ્રહ્માંડના વણ ઉકેલ્યા કોયડામાંનો એક ધરતીની સૌથી નજીકના અવકાશી પિંડ ચાંદામામાના અંધારા ભાગના રહસ્યના આધારે રચેલી નવલકથા.

### ગ્લોબલ માઈન્ડસેટ કોચ કૃતિ લોડાયા

નલીયાના ચોપડા નિવાસી કુ. કૃતિ અનિશ દિનેશ લોડાયા સાવ અજાણી ભોમકા પર પાંખો વીંઝી રહ્યાં છે. બાંઢિયાના હુબલી નિવાસી હરીશ વિસનજી લોડાયાના દિકરી નેધરલેન્ડની એકેડેમી ઓફ પ્રોટોકોલ ટુડેથી ગ્લોબલ માઈન્ડ સેટ કોચીંગનો EQF Level-7નું સર્ટીફિકેટ પ્રાપ્ત કર્યું છે. એક અભ્યાસ મુજબ ભારતમાં ડિલીવરીના લીધે કેરિયરમાં બ્રેક લેનારી ૭૩ ટકા મહિલાઓ કામ પર પાછી ચઢતી નથી. તમે પણ આ ૭૩ ટકામાં હો તો તમારે માટે ઉપયોગી છે. http://bit.ly/TGC-INDIA પર રજિસ્ટર કરો. કોર્સ ફી તા. ૨૩-૨૪ ઓગસ્ટ ૨૦૨૪.

### તિરૂપુર સંઘમાં માતાનો થાળ

તિરૂપુર સંઘમાં પ.પૂ. ડૉ. હર્ષનિધીશ્રી મ.સા.ની નિશ્રામાં વામા માતાના થાળનો કાર્યક્રમ રાખવઆમાં આવ્યો હતો.

### અચલગચ્છ જૈન સંઘ ઉવસગ્ગહરં સ્તોત્ર પાઠ

અચલગચ્છ જૈન સંઘ ડોંબિવલીમાં પ.પૂ.સા. મૌનગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણાની નિશ્રામાં આધિવ્યાધિઉપાધિનાશક બૃહદઉવસગ્ગહરં સ્તોત્રનો પાઠ નયનાબેન સંગોઈના સથવારે સંપન્ન થયો.

### ગદગ સ્કુલના વિદ્યાર્થીઓને પુરસ્કાર

સીડીઓ જૈન સ્કુલના ચાર વિદ્યાર્થીઓ કર્ણાટક હેન્ડલુમ ટેક્નોલોજી ઈન્સ્ટીટ્યુટ ગદગ દ્વારા આયોજિત નિબંધ લેખન, ક્વિઝ અને વક્વ્યમાં પુરસ્કાર વિજેતા રહ્યાં.

### ગદગ જિનાલય ધ્વજારોહણ

ગદગ કર્ણાટકના ભગવાન ચિંતામણી પાર્શ્વનાથ જિનાલયનું ધ્વજારોહણ અને અઢાર અભિષેક તાજેતરમાં સાનંદ સંપન્ન થયા.

### ૧૫૦ વર્ષ પ્રાચીન જિનાલય શુદ્ધિકરણ

કેડીઓ જૈન જ્ઞાતિ મહાજન અમદાવાદ સાથે કેડીઓ નવયુગ યુથ ફોરમ અમદાવાદના યુવકોએ જિનલાય શુદ્ધીકરણના અનુકરણીય અનુમોદનીય કાર્યનું બીડું ઝડપ્યું છે. પ્રથમ ચરણમાં ૧૫૦ વર્ષથી વધુ પ્રાચીન એવા આરીખાણા, પરજાઉ, જશાપર અને લાલા જિનાલયનું શુદ્ધિકરણ હાથ ધરવામાં આવ્યું.

સંપૂર્ણ જિનાલયની સાંગોપાંગ સાફસફાઈ અને જિનપ્રતિમાઓના વિધિવિધાનપૂર્વક શુદ્ધિકરણથી વધુ તેજસ્વી બનેલી પ્રતિમાજીઓ આનંદપર્યાય બની.

### એસઆરડી સુખાલય ધ્વજવંદન

શ્રીમતી સોનલબેન રાયચંદ ધરમશી (એસઆરડી) જીવનસંધ્યા સુખાલયમાં સ્વતંત્રતા દિવસ ઉજવવામાં આવ્યો હતો. એ પ્રસંગે ભરતભાઈ શિવજી કારાણીએ ધ્વજવંદન કર્યું હતું.

### ચંદ્રપ્રભુ જિનાલય ઋષિ મંડલ પૂજન

અબડાસા તાલુકાના મુખ્ય મથક નલિયામાં પૂ. જ્ઞાનગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા ત્રણની નિશ્રામાં ઋષિ મંડલ મહાપૂજન, વિધિકાર રાજાભાઈ નંદુ ઔર સંગીત માંડવીના નિશાબેન સંઘવીએ પ્રયોજ્યુ હતું. મહાપૂજનનો લાભ દીમુબાઈ પદમશી માતાએ લીધો હતો.

### કારંજામાં ગૌતમ કમલતપ

કારંજા સંઘમાં ચાતુર્માસ બિરાજમાન પ.પૂ. સાધવી સંયમગુણાશ્રીજી મ.સા. આદિ ઠાણા-૪ની નિશ્રામાં ગૌતમ

કમલ તપના તપસ્વીઓની સાંજી યોજાઈ હતી.

### વરિષ્ઠો પોસ્ટ ઓફિસ માટે રેલીંગ

મુલુંડ વેસ્ટના નેહરુ રોડ પર આવેલી ડબલ પોસ્ટ ઓફિસના બંને દાદરા છે. આ પોસ્ટ ઓફિસમાં મોટી સંખ્યામાં વરિષ્ઠ નાગરિકોના ખાતા હોવાથી પુષ્કળ ભીડ રહે છે. પણ આપણા વેલજીભાઈ (સર ફિલ્મવાળા નહીં) લોડાયાના દિકરા સોમચંદભાઈએ પોતાના તરફથી રેલીંગ લગડાવવા માટે પરમિશન લીધી એ માટે લાલજી સરે બધી કામગીરી કરાવી આપી. રેલિંગ બની ગઈ. હવે બંને પોસ્ટ ઓફિસની પોસ્ટ માસ્ટરનીઓએ વોટર કૂલર લગડાવી આપવાની અપેક્ષા સેવી છે.

### પ.પૂ.શ્રી. ભલારા દાદા દેવાલય-સુથરી

